
# ગુજરાતની આવતીકાલ તેજસ્વી બનાવવી છે

## સેટેલાઈટ કોમ્યુનિકેશનના માધ્યમથી સંવાદ : ગુજરાતના ૨.૨૦ લાખ શિક્ષકોને આવરી લેતી તાલીમ કાર્યશિબિરનો પ્રારંભઃ એક કલાક સુધી શિક્ષકો સાથે ચર્ચા

અમદાવાદ, તા.૬

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સેટેલાઈટ કોમ્યુનિકેશનના માધ્યમથી રાજ્યના ૨.૨૦ લાખ જેટલા પ્રાથમિક શિક્ષકોના આજથી ગુજરાતમાં શરૂ થયેલા તાલીમ કાર્યશીબિરમાં પ્રેરણાદાયી આહ્વાન કરતા જણાવ્યું હતું કે પ્રત્યેક શિક્ષકમન શિક્ષણમય બને. સાર્વ શિક્ષા અભિયાન અને શિક્ષણ વિભાગના ઉપક્રમે આજથી ગુજરાતના ૨.૨૦ લાખ જેટલા પ્રાથમિક શિક્ષકોનો તાલીમ કાર્યક્રમ ૩૦૦ જેટલા તાલીમ કેન્દ્રોમાં પાંચ દિવસ માટે શરૂ થયો છે. મુખ્યમંત્રીએ ઉત્તમ શિક્ષણ અને ઉત્તમ શાળાનું ગૌરવ મેળવવા માટે પ્રેરક માર્ગદર્શન આજે સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાંથી બાયસેગના સેટેલાઈટ સંપર્ક માધ્યમથી આ શિક્ષણ સમુદાયને આપ્યું હતું. નવા શૈક્ષણિક વર્ષના પ્રારંભ પૂર્વે બાયસેગ ઉપગ્રહ શિક્ષણ તાલીમનો આ અભ્યાસ શિબિર શિક્ષકોને નવા વર્ષમાં નવા વિચારો, નવા ઉમંગ અને નવી ઉર્જા સાથે બાળકોના ઘડવૈયાનું દાયિત્વ નિભાવવાનું ચાલકબળ બનશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીએ વ્યક્ત કર્યો હતો. એક કલાક સુધી શિક્ષકો સાથે સંવાદ કરીને શિક્ષક માટે નિરંતર નવા શૈક્ષણિક આયામોના નવા વિચારો, નવી જિજ્ઞાસા પ્રેરતી તાલીમનું મત્વ સમજાવતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે માત્ર શરીરની હાજરી નહીં, મનની હાજરી જરૂરી છે. તાલીમ શિક્ષણ માટે બોજ નથી, નવી ચેતનાનો આવિષ્કાર કરવાનો છે. ગુજરાતના એકેએક બાળકના ભવિષ્યને મુલ્યવાન સમજીને શિક્ષક પોતાનું દાયિત્વ નિભાવે તો પ્રત્યેક સરકારી પ્રાથમિક શાળા "એ" ગ્રેડની બની જશે અને ગામની શાળાના શિક્ષકનું સન્માન અને આત્મગૌરવ જળવાશે એમ પણ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. મારે ગુજરાતની આવતીકાલ ઓજસ્વી અને તેજસ્વી બનાવવી જ છે. એમાં શિક્ષકની દાયિત્વ ભૂમિકા સૌથી વિશેષ છે એટલે શિક્ષક સમુદાય સાથે હું સીધો સંવાદ સેતુ બાંધવા તત્પર છું. સોશ્યલ મિડિયાના માધ્યમથી મોબાઈલ દ્વારા પણ પ્રત્યેક શિક્ષકને મારી સાથે નવા વિચારો, નવા આયામોથી જોડાવાનું હું આમંત્રણ આપું છું.



# 'અમૂલ' બ્રાન્ડના નામથી ગુજરાત એશિયામાં પ્રથમ સ્થાને

## મહિલા સંચાલિત દૂધ મંડળીઓની સંખ્યા ૨,૨૩૫ : પશુપાલનના વ્યવસાયમાં ગુજરાતે મહિલાઓને પ્રાધાન્ય આપ્યું છે

ગાંધીનગર, તા.૬

ખેતી ભારતીય અર્થતંત્રની કરોડરજ્જૂ છે. કૃષિ ક્ષેત્રમાં પશુપાલનનો વ્યવસાય ખેડૂત માત્ર પોતાની જરૂરિયાત પૂરતો હાથ ધરતો. પણ રાજય સરકારના -યાસોના કારણે પશુપાલન સ્વતંત્ર વ્યવસાય બન્યો છે. કૃષિક્ષેત્રની વાર્ષિક આવકમાં ૨૨ ટકા જેટલો સિંહફાળો આપનાર`દૂધ' આપણા દેશનું મોટું ઉત્પાદન છે. પશુપાલનના વ્યવસાય થકી નબળા વર્ગોને આજીવિકા પૂરી પાડી નાણાં કમાવાની તક મળી. ગ્રામિણ મહિલાઓને નાણાંકીય સ્વતંત્રતા મળી દૂધના વ્યવસાય થકી.

ભારતમાં દૂધ ઉત્પાદનમાં ગુજરાત ચોથા ક્રમે છે. છતાંય રાજય સરકારના -યત્નો, પશુપાલકોની ભાગીદારીના કારણે સહકારી ક્ષેત્ર દ્વારા દૂધ એકત્ર કરીને દૂધ અને દૂધની બનાવટોમાં એશિયા ખંડમાં `અમૂલ' બ્રાન્ડના નામથી ગુજરાત -થમ સ્થાને છે.

છેલ્લા દશકમાં ગુજરાતે દૂધ ઉત્પાદનની બાબતમાં ૬૮ ટકા વધારો નોંધાવ્યો છે. અગાઉ રાજયની સહકારી ડેરીઓમાં રોજનું ૪૬ લાખ લીટર દૂધ ભરાતું એ છેલ્લા દશકામાં વધીને રોજનું ૧૦૦ લાખ લીટર ઉપર પહોંચી ગયું છે. એક દશકા પહેલાં દશ હજાર દૂધ સહકારી મંડળીઓ હતી જે આજે ૧૬,૦૦૦ની ઉપરનો આંકડો વટાવી ગઈ છે. દૂધ ઉત્પાદનના વ્યવસાય સાથે ૨૨,૨૩,૭૯૬ વ્યવસાયકો દશ વર્ષ પહેલાં હતા. રાજય સરકારની નાના ખેડૂતો/ શ્રમજીવીઓ/મહિલાઓ માટેની યોજનાઓને આધિન ૩૨,૪૫,૨૫૦ વ્યવસાયકો દૂધ ઉત્પાદનના વ્યવસાય સાથે જોડાયા છે. આજે ગુજરાતનું એક દિવસનું સરેરાશ દૂધ ઉત્પાદન ૧૨૭.૨૬ (વર્ષ ૨૦૧૩) લાખ લીટર થયું છે. પશુપાલનમાં મહિલાઓને -ધાન્ય આપવાની નેમ સાથે ગુજરાતે આગેવાની લીધી છે. રાજયમાં અગાઉ માત્ર ૮૦૦ મહિલા સંચાલિત દૂધ મંડળીઓ હતી. આજે સંખ્યા વધીને ૨૨૩૫ થયેલ છે.

# પતિ કેનેડા જતો રહ્યો એટલે પત્નિ હવે 'દેશી' લાગવા માંડી...!

## સે-૩ની પરિણીતાને દેશી કહીને મહેણા ટોણાં મારીને ગળુ દબાવી દેવાનો સાસરીયાનો પ્રયાસ : પતિ સહિત ચાર જણા વિરૂધ્ધ પોલિસ ફરિયાદ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર શહેરમાં વધુ એક મહિલા પર અત્યાચારનો ગુનો પોલીસ ચોપડે નોંધાવા પામ્યો છે. સે-૩માં રહેતી અને સે-૨માં પરણેલી પરિણીતાએ તેણીના પતિ તથા સાસુ, સસરા અને નણંદ વિરૂધ્ધ શારીરિક-માનસિક ત્રાસની ફરિયાદ આપી છે. લગ્ન બાદ કેનેડા જતા રહેલા પતિને આ પત્નિ દેશી લાગવા લાગી અને હવે સાસરીયાઓ તેણીને છુટાછેડા માટે દબાણ કરી ત્રાસ આપવા લાગ્યા છે. છુટાછેડાની ના પાડતા નણંદે ગળુ દબાવી-મારી નાંખવાનો પ્રયત્ન પણ કર્યો હોવાનો ફરીયાદમાં ઉલ્લેખ છે. ત્રાસી ગયેલી પરિણીતાએ સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. એ.કે. ભરવાડે સઘન તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૩-એ પ્લોટ નં. ૧૨૪૩/૨માં રહેતા અમીબેન પ્રજાપતિનાં લગ્ન પાંચ વર્ષ અગાઉ સમાજના રીવાજો મુજબ સેકટર-૨-એ પ્લોટ નં. ૧૨૨૪/૨ ખાતે રહેતા હિરેન રમેશભાઈ પ્રજાપતિ સાથે થયા હતાં. લગ્નને દોઢેક વર્ષ બાદ હિરેન કેનેડા નોકરી કરવા ચાલ્યો ગયો હતો. અમીને ટુંક સમયમાં કેનેડા બોલાવી દેશે તેવું આશ્વાસન હિરેન તેના સસરાને આપી રૂપિયા લઈને વિદેશ જતો રહ્યો હતો. કેનેડા પહોંચી ગયા બાદ હિરેનકુમારને પત્ની ગમતી નથી..દેશી છે... તેવા મહેણાં-ટોણાં મારી સાસુ સસરા અને નણંદ દ્વારા છુટાછેડા માટે દબાણ કરવાનું શરુ કરી દેવામાં આવ્યું હતું. પરંતુ અમીબેને છુટાછેડા આપવાની ના પાડતા નણંદે ગળુ દબાવી મારી નાંખવાનો પ્રયાસ કર્યો હતો. જીવ બચાવવા અમીબેન પોતાના પિયર રહેવા આવી ગયા છે. તો બીજી તરફ ફરિયાદમાં થયેલ ઉલ્લેખ મુજબ પતિ દ્વારા ફોન પર ધમકી મળે છે કે હું તને કોઈ સંજોગોમાં કેનેડા લઈ જઈશ નહીં. તારા પિતા મને સ્ટેમ્પ પેપર પર લખી આપે કે મારી દીકરીને કેનેડામાં કંઈ પણ થઈ જાય તો જમાઈ જવાબદાર નથી તો હું કેનેડા લઈ જવાનું વિચારીશ..! સાસરીયા દ્વારા અપાતા ત્રાસ અંગે અમીબેને પતિ હિરેન, સસરા રમેશભાઈ અંબાલાલ પ્રજાપતિ, સાસુ મંજુલાબેન રમેશભાઈ પ્રજાપતિ અને નણંદ હેતલબેન કપીલકુમાર પ્રજાપતિ વિરૂધ્ધ ફરિયાદ આપતા સે-૭ પોલીસે ચારેય સામે ગુનો દાખલ કરીને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

# દહેગામ સિટી સર્વેયર સુપ્રિટેન્ડની કચેરી બંધ રહેતા અરજદારોના કામ અટવાયા

## અરજદારો રોજ ધરમના ધક્કા ખાઈ ઓસીયાળા પાછા જાય છે



(તસવીર : નિખિલ શાસ્ત્રી, દહેગામ)

દહેગામ, તા. ૬

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલ સિટિ સર્વેયર કચેરીના સુપ્રિટેન્ડ એમ.જી. મનસુરી વારસાઈ કરાવેલ પ્રોપટી કાર્ડમાં નામ દાખલ કરાવવા માટે ૧૦,૦૦૦ રૂપિયાની લાંચના છટકામાં ઝડપાઈ ગયેલ. અમદાવાદ એન્ટી કરપ્શન બ્યુરોના પી.આઈ. કે.ટી. કામરીયાની ટીમે છટકું ગોઠવીને મનસુરીને ફિલ્મી ઢબે ઝડપી લીધા હતા. ત્યાર બાદ દહેગામ સિટિ સર્વેયર સુપ્રિટેન્ડની કચેરી છેલ્લા એક મહિનાથી અધિકારી વગર બંધ પડી છે. જ્યારે આ કચેરીમાં મનસુરી કર્તા-હર્તા હતા તે દરમિયાન ઓફિસમાં ખુરશી તેમજ ટેબલો પર બેસવા માટે જગ્યા મળતી ન હતી. અને કામ કરાવવા માટે આવેલ અરજદારોની ભીડ હંમેશા રહેતી હતી. જ્યારે આ કચેરીના સિટિ સર્વેયર લાંચના કેસમાં ઝડપાયા બાદ આ કચેરી બંધ રહે છે અને કામ અર્થે આવનાર અરજદારોને ધરમના ધક્કા ખાવા પડે છે. જેના કારણે અરજદારોનાં નાણા અને સમય બન્ને વેડફાય છે. તો આ અંગે સરકારના જિલ્લા કક્ષાના અધિકારીઓ સત્વરે આ જગ્યા પર વહેલીતકે નિમણુંક કરે તો અરજદારોને કામ કરાવવાનું સાનુકૂળ પડે અને પેન્ડીંગ પડેલ કામનો નિકાલ આવે આમ આ કચેરી બંધ હાલતમાં રહેતાં અરજદારોને નિરાશ થઈ પાછા ફરવું પડે છે. જ્યારે આમ જનતા કચેરી બંધ રહેતા સરકારની કાર્યક્ષમતા ઉપર પ્રશ્નાર્થ કરે છે.

# તલોદમાં ગાયત્રી પરિવાર દ્વારા વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરાઈ

તલોદ, તા. ૬

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સાબરકાંઠા જિલ્લા ગાયત્રી પરિવાર આયોજીત સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે અનોખો વ્યસન મુક્તી અને સફાઈ કાર્યક્રમ યોજાયો

આ ઝુંબેશમાં તલોદ એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે તલોદ ગાયત્રી સપરિવારના પરિવારજનો વાસુદેવ ભટ્ટ, દિનેશ શાહ, અંબાલાલ પટેલ, મનોજભાઈ શાહ, મનોભાઈ શાહ, સવિતાબેન દરબાર અન્ય ગાયત્રી પરિવારના સેવાભાવી સભ્યો જોડાયા હતા. આ સ્વચ્છતા કાર્યક્રમમાં એસ.ટી. તંત્રના અધિકારી કર્મચારીઓ સહિત અનેક લોકો જોડાઈ શહેરની સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજી ગંદકીયુક્ત વાતાવરણ વાયુ, અવાજ તેમજ સ્વચ્છતા વિશે પરિવાર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# અમરેલી, ધોળકા, રાજકોટમાં વરસાદથી રાહત અનુભવાઈ

## ડીસામાં સૌથી વધુ ૪૧.૨ ડિગ્રી સેલ્સિયસ : રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ તેમજ દાદરા-નગર હવેલીમાં કેટલાક સ્થળો પર આજે વરસાદ પડી શકે છે

અમદાવાદ,તા. ૬

રાજ્યમાં આજે અમરેલી, ધોળકા અને રાજકોટમાં વરસાદ પડ્યો હતો. જયારે બાકીના વિસ્તારોમાં ગરમીની સાથે ઉકળાટને કારણે નાગરીકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા હતા. રાજ્યમાં આજે સૌથી વધુ ગરમી ડીસામાં ૪૧.૨ ડિગ્રી નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ વાદળછાયુ રહેશે અને સાંજે કે રાત્રે વરસાદનું ઝાપટુ પડી શકે છે. મહત્તમ તાપમાન ૩૯ ડીગ્રીથી આસપાસ નોંધાશે. રાજ્યમાં તમામ જિલ્લા, સૌરાષ્ટ્ર, દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં છુટાછવાયા સ્થળોએ વરસાદના હળવાથી મધ્યમ ઝાપટા પડવાની શક્યતા છે.

અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન ૪૦.૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૭ ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનુ પ્રમાણ સવારે ૮:૩૦ વાગે ૭૨ ટકા અને સાંજે ૫:૩૦ વાગે ૪૩ ટકા નોંધાયું હતું. અમદાવાદ ઉપરાંત રાજ્યના બાકીના ભાગોમાં ગરમીની સાથે ઉકળાટનો અનુભવ લોકોએ કર્યો હતો. રાજ્યમાં મહત્તમ તાપમાન ડીસા ૪૧.૨, ગાંધીનગર ૩૯.૦, ઈડર ૪૧.૦, વલ્લભ વિદ્યાનગર ૪૦.૦, વડોદરા ૩૯.૨, સુરત ૩૪.૬, રાજકોટ ૪૦.૦, અમરેલી ૪૦.૬, ભાવનગર ૩૯.૭, સુરેન્દ્રનગર ૪૦.૫, ભુજ ૩૮.૪, નલીયા ૩૫.૬, કંડલા એરપોર્ટ ૩૯.૬ ડિગ્રી નોંધાયું હતું.

# બીએડની અંદાજે ૧૦૦૦ બેઠક ખાલી રહે તેવી વકી

## યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન પ્રવેશની પ્રક્રિયા શરૂ કરાયા બાદ માત્ર ૫૭૯૫ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયાના હેવાલ

અમદાવાદ, તા.૬

ગુજરાત યુનિવર્સિટી સલગ્ન બીએડ કોલેજોમાં મેનેજમેન્ટ ક્વોટાને બાદ કરતા અંદાજે કુલ ૬૫૦૦ બેઠકો માટે યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. જેમાં માત્ર ૫૭૯૫ વિદ્યાર્થીઓ જ ફોર્મ ભર્યા છે. અને યુનિવર્સિટી દ્વારા પ્રવેશપાત્ર વિદ્યાર્થીઓની મેરીટયાદી પણ જાહેર કરી દેવામાં આવી છે. ત્યારે ચાલુ વર્ષે બીએડ કોલેજોની મોટાભાગની બેઠકો ખાલી રહે તેવી આશંકા સેવાઈ રહી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી સલગ્ન ૭૫ જેટલી બીએડ કોલેજોની અંદાજે ૭૫૦૦ બેઠકોમાં ૧૦ ટકા બેઠકો કોલેજોને મેનેજમેન્ટ ક્વોટા દ્વારા પ્રવેશ આપવામાં આવે છે. જ્યારે બાકીની અંદાજે ૬૫૦૦ બેઠકો ઉપર યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવે છે. જેને ધ્યાનમાં રાખી આગામી શૈક્ષણિક વર્ષ ણાટે યુનિવર્સિટી દ્વારા કેન્દ્રીયતા પધ્ધતિથી બીએડમાં પ્રવેશ માટે ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં માત્ર ૫૭૯૫ વિદ્યાર્થીઓ જ બીએડમાં પ્રવેશ માટે અરજી કરી છે. જેનાં યુનિવર્સિટીમાંથી ચાલુ વર્ષે સ્નાતક અને અનુસ્નાતકની પદવી મેળવનાર ૩૬૯૫ વિદ્યાર્થીઓ યુનિવર્સિટીમાં ગત વર્ષો દરમિયાન પદવી મેળવનાર ૧૭૭૭ વિદ્યાર્થીઓ અન્ય યુનિવર્સિટીમાંથી ૩૨૩ વિદ્યાર્થીઓ બીએડમાં પ્રવેશ માટે અરજી કરી છે.

યુનિવર્સિટીની પ્રવેશ સમિતી સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ બીએડ પ્રવેશ માટે વિદ્યાર્થીઓએ ઓનલાઈન કોલેજની પસંદગી કરવાનું સુચવવામાં આવ્યું હતું. જેના યુનિવર્સિટી સલગ્ન ૭૫ કોલેજોની ૬૫૦૦ બેઠકો સામે માત્ર ૫૭૯૫ વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યા છે. જેના કારણે પ્રવેશ પ્રક્રિયાના અંગે એક હજાર જેટલી બેઠકો ખાલી રહે તેવી સ્થિતિ છે. પ્રવેશ સમિતીના સુત્રોના જણાવ્યુ મુજબ પહેલા યુનિવર્સિટી સલગ્ન કોલેજો અને બીએડની સંખ્યા ઓછી હતી. જ્યારે હવે ૭૫ કોલેજોની ૭૫૦૦ બેઠકો ઉપલબ્ધ છે. આ ઉપરાંત હવે માત્ર ૩૨૫ વિદ્યાર્થીઓ જ બીએડ કરવા માટે અરજી કરે છે. જેથી બીએડ કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ અરજી કરવાનું ઓછુ પસંદ કરે છે.

# આર.ટી.ઓ. કચેરીમાં એજન્ટ પ્રથા સામે વધતી ફરિયાદો

## અરજદારને પૂછવામાં આવે છે કયા એજન્ટના માણસ

ગાંધીનગર, તા. ૫

રાજ્યની એક માત્ર પેપરલેસ આર.ટી.ઓ. ગાંધીનગર ખાતે આવેલી છે. પરંતુ આ કચેરીમાં પેપરવર્ક કરવા માટે પ્રજાને ધરમ ધક્કા ખાવા પડતાં હોય છે. એક વ્યક્તિને સાંભળતા તેમને માત્ર ૧૦૦ રૂપિયાનો દંડ ભરવાનો થતો હોવા છતાં સંપૂર્ણ કાગળ પણ હોવા છતાં પણ સવારે ૧૦ વાગ્યાથી સાંજના ૪ વાગ્યા સુધી ઓફિસર ઉપર આ રૂમથી પેલા રૂમ સુધી ધક્કા ખવડાવ્યા હતા. આર.ટી.ઓ. કચેરીના કર્મચારીઓના આવા બેહુદા વર્તનથી કચેરીમાં કામે આવતા લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

ગાંધીનગર આર.ટી.ઓ. કચેરી જે રાજ્યમાં એક મોડેલ કચેરી બનવી જોઈએ એવા પ્રકારની ઈમારત બનાવવામાં આવી છે, પરંતુ ઈમારતની અંદર બેઠેલા અધિકારીઓ પોતાના વર્તનના કારણે લોકોમાં રોષ જોવા મળે છે. એક વ્યક્તિ સવારે નોકરીએ જવા માટે નીકળે છે ત્યારે તેનુ વાહન પોલીસ દ્વારા ડીટેઈન કરવામાં આવે છે. તેને આર.ટી.ઓનો ફક્ત ૧૦૦ રૂપિયાનો મેમો આપવામાં આવે છે. ૧૦૦ રૂપિયાનો મેમો ભરવા માટે તે વ્યક્તિ આર.ટી.ઓ. કચેરી પહોંચે છે. પરંતુ તેનો આખો દિવસ આ કચેરીમાં જ વ્યતિત થઈ જાય છે. આ કચેરીમાં અધિકારીઓ દ્વારા સૌ પ્રથમ તેને પૂછવામાં આવે છે કે તમે કયા એજન્ટ થકી અહીંયા આવ્યા છો. એમ પૂછવામાં આવ્યું હતુ પરંતુ કહેતા કે અહીયા એજન્ટ નથી તો આ માણસને સાંજના ૪ વાગ્યા સુધી તેનું કામ થયુ નહોતું. તેનું કાગળ બાજુમા મુકી અને આવેલ એજન્ટોના કાગળ ઉપર અધિકારી સહિ કરી આગળ જવા દેતા જ્યારે પણ પૂછવામાં આવે ત્યારે એમ કહેતા કે ગુનો કરો છો તો વાર તો લાગે જ ને. જાવ બે કલાક પછી આવો. આવુ કહેતા આમ કહી કચેરી ઉપર આવેલ વ્યક્તિનું અપમાન કરતા અને જાણે કોઈ વ્યક્તિને મારી નાખી ગુનો આચર્યો હોય તેવા પ્રકારની ભાષાનો ઉપયોગ કરતા હતા. ખરેખર જો આર.ટી.ઓ. કચેરીમાં જે વ્યક્તિ ભણેલા વ્યક્તિ દંડ ભરવા માટે જાય અને તેને આટલી યાતનાઓ ભોગવવી પડતી હોય તો પછી કોઈ અભણ વ્યક્તિ કચેરીના કામે આવે તો તેને તો શુ ભોગવું પડતુ હશે એ તો કલ્પનાની વાત થઈ જાય છે.

## વિદ્યાલક્ષ્મી બોન્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

થયેલા બાળકોને પુનઃ-વેશ આપવામાં આવશે. ૩ વર્ષના બાળકોને આંગણવાડીમાં -વશે આપવામાં આવશે. શાળા -વેશોત્સવ કાર્યક્રમની મહત્તા સમજાવવા માટે જે તે ગામમાં -ભાત ફેરીનું પણ અયોજન કરવામાં આવશે. દરેક શાળામાં કાર્યક્રમની શરૂઆત મુનષ્ય ગૌરવ ગાનથી થશે. તે પછી રાષ્ટ્ર ભક્તિ ગીતનું ગાન, યોગ પરિચય-નિદર્શન કરવામાં આવશે. ત્યારબાદ કુમકુમ તિલક કરી, ઢોલ, વાજીંત્રા અને શરણાઈના સૂર સાથે -વેશપાત્ર બાળકોને -વેશ આપવામાં આવશે. આંગણવાડીમાં દાતાઓ દ્વારા મળેલ રમકડાંઓ, વિદ્યાલક્ષ્મી બોન્ડ, ચેકનું વિતરણ કરવામાં આવશે. શાળાના બે કે ત્રણ વિદ્યાર્થીઓ અમૃત વચન રૂપી પાણી બચાવો, ઉર્જા બચાવો, બેટી બચાવો અને સ્વામી વિવેકાનંદના -સંગો પર પોતાનું ટુંકું વકતવ્ય આપશે. દાતાઓ પાસેથી શાળાના પુસ્તકાલય માટે ભેટ સ્વરૂપે પુસ્તકો સ્વીકારવામાં આવશે. મહાનુભાવો પોતાનું -ાસંગિક -વચન આપશે. મહાનુભાવો અને અન્ય અગ્રણીઓ દ્વારા શાળાઓમાં વૃક્ષા રોપણ કરવામાં આવશે. વૃક્ષા રોપણમાં સરગવો અને ફળાઉ ઝાડ રોપવામાં આવશે. જો શાળામાં નવો -જ્ઞાનો વર્ગ શરૂ થતો હોય ત્યાં મહેમાનશ્રી વર્ગની મુલાકાત પણ લેશે. કાર્યક્રમમાં સહભાગી થનાર અને સહયોગ આપનાર સંસ્થાઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, દાતાઓ, -તિભાશાળી બાળકો વગેરેનું સ્ન્માન કરવામાં આવશે. તમામ એસ.એમ.સીના સભ્યો અને વાલીઓની ઉપસથિતિ રહેશે સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના એક વિદ્યાર્થી અને વિદ્યાર્થીની દ્વારા કરવામાં આવશે.

## મુખ્ય મથક નહિ છોડવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા ત્યાં તો પતરાનું જ પુનઃ ફીટીંગ મકાન માલિકો દ્વારા હાથ ધરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે. વલાદમાં પ્રા. શાળાના બે વર્ગખંડના પતરા ઉડી જતાં રૂ. ૫૦ હજારનું નુકશાન થયાનો અંદાજ છે.

આ ત્રણેય ગામોમાં વાવાઝોડાએ વેરેલા વિનાશને પગલે રૂ. ૭ લાખ જેટલું નુકશાન થયાના અહેવાલો છે. જે ત્રણ વ્યકિતઓને વાગ્યુ છે તે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આજે ગાંધીનગર તાલુકા વિકાસ અધિકારીએ પણ તાકીદની બેઠક યોજી અને પરિસ્થિતિની જાણકારી મેળવી હતી.

ચોમાસાની સિઝનને લઈ ગ્રામ્ય કક્ષાએ પણ સલામતિના પગલાંઓ અંગેની કાર્યયોજના અને સંબંધિત વિભાગોને પણ તેમની કાર્યયોજનાઓ દિન પાંચમાં રજુ કરી દેવા માટે આજે પુનઃ તાકીદ કરવામાં આવી છે. અને આમાં ચૂક કરનાર અધિકારી સામે બેદરકારી દાખવવા માટે શિસ્તભંગના કડક પગલાં લેવામાં આવશે.

દરેક તાલુકામાં પણ રાઉન્ડ ધી કલોક કંટ્રોલરૂમ ચાલુ કરી દેવા પણ જણાવાયું છે.

જિલ્લામાં ચોમાસાની સિઝનમાં કોઈ મોટી હોનારત થાય નહિ તે માટે જર્જરિત થયેલા વૃક્ષો અને મિલ્કતોની આગળ સલામતિ માટે અલાયદા બોર્ડ લગાવવાની પણ તાકીદ કરવામાં આવી છે.

## મેડીકલ અભ્યાસક્રમ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેડીકલના અનુસ્નાતક અભ્યાસક્રમમાં બીજા અને ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સત્ર પણ શરૂ થઈ ગયું છે. તો બીજી માટે પ્રથમ વર્ષ માટેની પ્રવેશ પ્રક્રિયા પણ હાથ ધરવામાં ન આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ મુકુલ શાહે જણાવ્યું હતું કે મેડીકલના અનુસ્નાતક અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા માટેની મુદત એમસીઆઈ દ્વારા ૩૦ જુન નક્કી કરવામાં આવી હતી. પરંતુ હવે એમસીઆઈ દ્વારા પ્રવેશ પ્રક્રિયા માટેની મુદત વધારીને ૩૧ જુલાઈ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મેડીકલમાં પ્રવેશ માટે નીટની પરીક્ષા મુદ્દે સુપ્રિમ કોર્ટમાં જાહેર હીતની અરજીઓ કરાઈ હતી. બાદમાં સુપ્રિમ કોર્ટે જે તે યુનિવર્સિટીઓને પોતે લીધેલી પરીક્ષા અથવા નીટના આધારે પ્રવેશ ફાળવવા વચગાળાનો હુકમ આપ્યો હતો. ગુજરાત યુનિવર્સિટી દ્વારા અનુસ્નાતક મેડીકલમાં પ્રવેશ માટે અલગથી પ્રવેશ પરીક્ષા લેવાની જાહેરાત કરાઈ હતી જો કે વિદ્યાર્થીએ ઉગ્ર વિરોધ કર્યો હતો. અને વિદ્યાર્થીઓએ લાંબી લડત ચલાવતા અંતે રાજ્ય સરકારની દરમિયાનગીરીથી નીટની પરીક્ષાના આધારે જ પીજી મેડીકલમાં પ્રવેશ આપવામાં આવશે તેવી રાજ્ય સરકારે જાહેરાત કરી હતી. જો કે હજી સુધી પ્રવેશ પ્રક્રિયા પણ શરૂ ન થતા વિદ્યાર્થીઓમાં ઉગ્ર રોષ વ્યાપી ગયો છે.

## મંજૂરી લેવી પડશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરેલી શરતો અને બોલીઓ અન્વયે લોન પર આપવા બાબત

ક્ષેત્રિય કચેરીઓમાં નવી સ્ટાફકાર, વાહનો ખરીદવાની બાબતો.

રાજય સરકાર તથા ભારત સરકારની તમામ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં ગ્રાન્ટની ફાળવણી અંગેની બાબતો.

વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા અને કચેરીઓના વર્ગ-૧ની અધિકારીઓની સત્તા સોંપણી.

-ોજેક્ટ ઈમ્પ્લિમેન્ટેશન યુનિટને લગતા એક કરોડ કે તેથી વધુ રકમના -ોજેક્ટોની કામગીરી.

તમામ કામોને મંજૂરી આપવાની બાબતો હવેથી, નવા મંજૂર કરવાના રહેતા તમામ કામો અને હાલના ચાલુ કામોમાં નવી વધારાની જોગવાઈ કરવાની બાબતો સહિત દસ લાખ ઉપરના હોય તેવા કામો.

કચેરીના સ્થળ તથા પેટા કેન્દ્રો નક્કી કરવા તથા નવી કચેરીઓ ખોલવા સુધીની તમામ બાબતો.

તમામ -કારના સાધનો, યંત્ર સામગ્રી, ફર્નિચરની ખરીદી કે જેમાં દસ લાખ કે તેથી વધુ રકમનો ખર્ચ થાય તેવી બાબતો.

ઉપરોક્ત બાબતોમાં હવે વિભાગના જવાબદાર મંત્રીની પૂર્વ મંજૂરીની આવશ્યકતા રહેશે. આ -કારના આદેશ આરોગ્ય વિભાગ ઉપરાંત અન્ય વિભાગોએ પણ કર્યા છે.

## શબ્દાવલી - ૫૦૮૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ■ | ૪ | ૫ |
| ૬ | | ■ | | ■ | ૭ | | |
| | ■ | ૮ | | ૯ | | ■ | |
| ■ | ૧૦ | | ■ | ૧૧ | | | |
| ૧૨ | | | ■ | ■ | ■ | ■ | ■ |
| | ■ | ■ | ૧૩ | | ■ | ■ | ૧૪ |
| ૧૫ | ૧૬ | | | ■ | ૧૭ | ૧૮ | |
| ૧૯ | | ■ | ૨૦ | | | | |

### આડી ચાવી

૧. પગથી પાણી સાથે રમત કરવી તે (૫)
૪. ૧૦૦નો આંક, શરક (૨)
૬. એક વજનનું માપ (૨)
૭. ધીરજ આપવી, આશ્વાસન (૩)
૮. ત્રાસ આપનારૂં (૪)
૧૦. બટન વાખવા માટે... જોઈએ (૨)
૧૧. તપસ્યા, સાધના (૪)
૧૨. હઠ લેવી (૩)
૧૩. બોલ, હવા ભરેલ ગોળ ફુગ્ગો (૨)
૧૫. દમવાળુ (૪)
૧૭. ... થવું, ભાગી જવું (૩)
૧૯. રવિવાર... નો દિવસ ગણાય (૨)
૨૦. મડદુ દાટે તે, દફન કરવું (૫)

### ઊભી ચાવી

૧. ચોરને પકડવા તક્તો તૈયાર કરે તે (૩)
૨. એક જાતના પાંઉ (૨)
૩. સ્વતંત્ર મિજાજનું (૩)
૪. સાર, વાક (૨)
૫. રોજની દૈનિક ક્રિયા (૨)
૭. શ્રીકૃષ્ણ-સુદામા આ ઋષિને ત્યાં ભણ્યા હતાં (૪)
૮. તુલા (૩)
૯. ... કરવી, વાતો (૨)
૧૦. દોરાની ગુંચ પડે તે, ... વાળવી (૨)
૧૨. રસોઈમાં વપરાય તો પીળો પાવડર (૪)
૧૩. દુઃખ, પીડા (૩)
૧૪. હરવું - ..., ફરવા જવું (૩)
૧૬. મોજ, આનંદ (૨)
૧૭. મટી મીટવું, ... થવું (૨)
૧૮. ફરિયાદ (૨)

### શબ્દાવલી ૫૦૮૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) તકલીફ (૪) તપાસ (૬) પડ (૭) નફરત (૯) સ્વીકાર (૧૧) કીલર (૧૨) બાગડોર (૧૫) માલુ (૧૬) દાખલો (૧૭) લાસરીયુ (૧૯) ઉપાસના (૨૦) હાશ (૨૧) ચારણી

**ઊભી ચાવી :-** (૧) તપસ્વી (૨) કડકાબાલુસ (૩) ફન (૪) તરલ (૫) પાતર (૮) ફકીર (૧૦) રગ (૧૩) ડોકીયું (૧૪) આલોચના (૧૫) માલાસિંહા (૧૬) દાણોપાણી (૧૮) રીસ (૧૯) ઉર